International Journal of Advance and Applied Research
www.ijaar.co.in
ISSN – 2347-7075 Impact Factor – 7.328
Peer Reviewed Bi-Monthly
Vol.9 No.5 May – June 2022

# બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓનો ભૂમિકા સંઘર્ષ-એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

ભામટા પ્રભુ ગણેશભાઈ
પીએચ.ડી.સ્કોલર (સમાજશાસ્ત્ર), શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી (SGGU), ગોધરા.
Corresponding Author- ભામટા પ્રભુ ગણેશભાઈ

## ❖ સારાંશ

વર્તમાન સમયની સ્ત્રીઓની સ્થિતિમાં પરિવર્તન આવતું જોવા મળ્યું છે. જ્યાં પુરુષ પ્રધાન સમાજમાં આજે સ્ત્રીનો દરજ્જો બદલાતો અને પરિવર્તન આવતો જોવા મળે છે. સ્વંત્રતા પ્રાપ્તિ પછી ખાસ કરીને મોટી સંખ્યામાં સ્ત્રીઓ આર્થિક ક્ષેત્રે સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રમાં વ્યવસાય અને નોકરી કરવા લાગી છે. સ્ત્રીઓ આજે બેવડી ભૂમિકા ભજવી સમાજમાં પોતાનું સ્થાન અને દરજ્જોમાં ઘણો બદલાવ અને પરિવર્તન સાથે સાથે આજે દરેક દરેક ક્ષેત્રમાં કાર્ય કરવા લાગી છે. જ્યાં ખાસ કરી ને આર્થિક રીતે સ્ત્રીઓ પોતે પગભર થઇ શિક્ષણ દ્વારા પોતાની બેવડી ભૂમિકાની સમાજ સમક્ષ મૂકી રહી છે. આજે સ્ત્રી ઘરની કુટુંબની આર્થિક પરિસ્થિતિને સરભર કરીને પોતાની બેવડી ભૂમિકાને કારણે સમાજમાં પણ પોતાનું વિશાળ સ્થાન આપ્યું છે. કુટુંબની જવાબદરી સાથે સ્ત્રી પુરુષના કદમથી કદમ મિલાવી કુટુંબ અને સમાજના અનેક કાર્યોમાં પોતાની બેવડી ભૂમિકા પ્રદર્શિત કરે છે. પ્રસ્તુત સંશોધનમાં બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓ ભૂમિકા સંઘર્ષ, પરિસ્થિતિ અને સમસ્યાને જાણવાનો અને સમજવાનો પ્રયત્ન કર્યો છે. જેમ કે સ્ત્રી તરીકે તે ક્યા-ક્યા કાર્યો કરી કુટુંબ અને સમાજ પોતનું યોગદાન આપે છે ? સ્ત્રીઓ થતો ભૂમિકા સંઘર્ષ, હાલની તેમની પરિસ્થિતિ અને કાર્ય દરમિયાન થતી સમસ્યા કેવી છે ? વ્યવસાયમાં જોડાણ પછી તેમનામાં આવેલું પરિવર્તન કાર્યના કારણે તેના કૌટુંબિક બાબતોમાં અને સ્થાનમાં આવેલ પરિવર્તન કેવું છે ? વગેરે બાબતના પ્રશ્નોને ધ્યાનમાં રાખીને વર્તમાન સમયમાં "**બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓનો ભૂમિકા સંઘર્ષ-એક સમાજશાસ્ત્રીય અભ્યાસ**" ને તપાસવા હેતુ થી પ્રસ્તુત અભ્યાસને એક વિષય તરીકે પસંદ કરવામાં આવેલ છે.

## ❖ ચાવીરૂપ શબ્દો

કુટુંબ, વ્યવસાય, બેવડી ભૂમિકા, ભૂમિકા સંઘર્ષ

## ❖ પ્રસ્તાવના

ભારતમાં મહિલા ઉન્નતિના સમર્થકોની કમી નથી. 2001 થી મહિલા દિવસ ઉજવણીની શરૂવાત થઇ તેની આ આખુય વર્ષ મહિલાઓને સમર્પિત રહ્યું. જેનો ઉદ્દેશ "મહિલા સશક્તિકરણ" નો હતો. નોકરી કે કામ કરવાના સ્થળ પર પણ સ્ત્રીઓ અત્યાચારનો ભોગ બનતા રહેવું પડે છે. જેથી બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓની ભૂમિકા સંઘર્ષ ની પરિસ્થિતિનો સામાજીક, આર્થિક, વૈયત્તિક તથા કાયદાકીય પાસાઓને લક્ષમાં રાખીને અભ્યાસ કરવો

માનવીય આવશ્યકતા બને છે. ઘણા બધા વિદ્વાન ઓ સ્પષ્ટપણે કહ્યું છે કે કોઈપણ સમાજનો વિકાસનો જાણવો હોય તો તે સમાજમાં નારીનું સ્થાન કેવું છે ? તે જાણવું ખુબ જરૂરી છે તે નાથી અંદાજ આવી શકે છે. માનવ સામજ સ્ત્રી અને પુરુષ એવા બે ભાગ જોવા મળે છે. ખાસ કરીને હિન્દુ સમાજમાં સ્ત્રીઓને જ્ઞાન, શક્તિ અને સંપત્તિ નું પ્રતીક માનવામાં આવે છે. વર્તમાન સમયમાં ખાસ કરીને પરિસ્થિતિ બદલાયેલી જોવા મળે છે. મોટી સંખ્યામાં મધ્યમવર્ગ અને ઉચ્ચ વર્ગની મહિલાઓએ શિક્ષિત બનીને જુદા જુદા ક્ષેત્રમાં કાર્યોમાં નોકરી અથવા વ્યસાય કરવાનું શરૂ કર્યું છે. વર્તમાન સમયમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, સમાજ કલ્યાણ, ઉદ્યોગ તથા અનેક ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં મહિલાઓએ કાર્ય કરવાના શરૂ કર્યા છે. પરંતુ ભારતીય સમાજમાં મહિલા ને ગુહિણી ઉપરાંત વધારાની આ ભૂમિકા પણ નીભાવિ પડે જેની પાછળ ના અનેક કારણો છે. કૌટુંબિક સંદર્ભમાં કારણો જોઈએ તો પતિની બેકારી, કુટુંબીજનો દ્વારા પૂરતા પૈસા ન મળવા, અપૂરતી આવક, કુટુંબ તરફથી નોકરી કરવા માટેનું દબાણ, બેવડી જવાબદારી બરાબર નિભાવી ન શકે, પત્નીનો પગાર પતિ માંગી લે, વ્યવસાય સ્થળે હેરાનગતિ વગેરે કારણો જવાબદાર છે.

### ❖ અભ્યાસનું ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં **"બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓનો ભૂમિકા સંઘર્ષ- એક સમાજશાસ્ત્રીય અભ્યાસ"** ના ક્ષેત્ર તરીકે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં રહેતી અને કુટુંબ સંભાળતી અને સાથે નોકરી કરતી એવી બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓને લઈને કરવામાં આવ્યો છે. 55 જેટલી બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓ પાસેથી માહિતી એકત્રિત કરી છે.

### ❖ અભ્યાસના હેતુઓ

- સમાજમાં કામ કરતી સ્ત્રીઓની બેવડી ભૂમિકા અંગે માહિતી મેળવવી.
- બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓની સામાજિક અને આર્થિક સ્થિતિ જાણવી.
- બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓને થતો ભૂમિકા સંઘર્ષ જાણવાનો હેતુ.
- બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓના તેમના ભૂમિકા અને દરજ્જા આવેલ પરિવર્તન તપાસવા.

### ❖ અભ્યાસની ઉપકલ્પના

- બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓને ભૂમિકા સંઘર્ષનો સામનો કરવો પડતો હશે.
- બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓને તેમાંના ક્ષેત્રકાર્ય દરમિયાન અનેક પ્રકારની મુશકેલીઓ પડતી હશે.

### ❖ માહિતી એકત્રીકરણની પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં રહેતી અને કુટુંબ સંભાળતી અને સાથે નોકરી કરતી એવી બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓને લઈને સમાજશાસ્ત્રનાં નારીવાદી પરિપ્રેશ્યથી અભ્યાસ કરવામાં આવ્યો છે. સંશોધન માં માહિતી ભેગી કરવા માટે ખાસ કરીને બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીઓની પ્રત્યક્ષ મુલાકાત લઇ પ્રશ્નાવલી ના માધ્યમ થી પ્રાથમિક અને સાથે સાથે ગૌણ માહિતી લાઇબ્રરીના પુસ્તકો માંથી, સરકારી અહેવાલો માંથી, સમાચારપાત્રો, પીએચ. ડી. કક્ષાના અભ્યાસો, દસ્તાવેજો, રિસર્ચ

પેપરો વગેરે માંથી માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે. અભ્યાસના ક્ષેત્ર ધ્યાનમાં રાખીને ખાસ કરીને વર્ણનાત્મક સ્વરૂપમાં સંશોધન રજૂ કરવામાં આવ્યું છે.

### ❖ સંદર્ભ સાહિત્યની સમીક્ષા

રિયા ગુપ્તા "Social Economic Condition of Working Women in India" 2014 માં એક લેખ લખેલ છે. આ પેપર ભારતમાં સ્ત્રીના નોકરી કરતી સામાજિક અને આર્થિક સ્થિતિ ને રજુ કરે છે. વર્ષા કુમારી દ્વારા "Problem and challenges faced by Urban Working Women in India" 2014 માં એક લેખ લખવામાં આવેલ છે. જેમાં ખાસ કરીને અભ્યાસના ભાગ રૂપે મુખ્ય ઉદ્દેશ કામ કરતી સ્ત્રીની સમસ્યાઓ સમજવા તેની સાથે સ્ત્રીઓ સામાજિક આર્થિક સ્થિતિ, સલામતી સુરક્ષા અને કુટુંબ સમુદાય અને સમાજના સુધારો કરવા માટે વિવિધ પ્રવુતિઓ માટે નો અભ્યાસ છે. આજે પણ એક સ્ત્રીની સ્થિતિ તેના પિતા અથવા પતિ જયાં હોય તે ના ઉપર રહેલો છે. આવી વિષય આજનો સ્ત્રીની પરિસ્થિતિ માટે ખૂબ ચિંતાનો વિષય છે.

### ❖ માહિતીનું પૃથક્કરણ અને વર્ગીકરણ

ઉત્તરદાતા પાસેથી જે માહિતી એકત્રિત કરવામાં અને કોષ્ટીકીકરણ કરીને તેનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

**કોષ્ટક-1 ઉત્તરદાતાઓના કુટુંબનું સ્વરૂપ**

| ક્રમ | વિગત | ઉત્તરદાતાની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | સંયુક્ત કુટુંબ | 37 | 67.27 |
| 2 | વિભક્ત કુટુંબ | 18 | 32.73 |
| કુલ | | 55 | 100 |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે મોટા ભાગ ઉત્તરદાતા સંયુક્ત કુટુંબમાં રહે છે. ખુબ ઓછા ઉત્તરદાતાઓ કે જેઓ વિભક્ત કુટુંબમાં રહે છે. અહીં જોય શકાય છે કે સંયુક્ત કુટુંબમાં આજે સ્ત્રીઓને આર્થિક નિર્ણય લેવામાં સ્વતંત્રા આપવા ત્યાર થાય છે.

**કોષ્ટક-2 ઉત્તરદાતા નોકરીની સાથે સાથે કુટુંબ સાથેનો સુમેળ**

| ક્રમ | વિગત | ઉત્તરદાતાની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | કુટુંબની સાથે સુમેળ સાધે છે. | 32 | 58.18 |
| 2 | કુટુંબની સાથે સુમેળ સાધતા નથી. | 13 | 23.64 |
| 3 | કોઈ કોઈ વાર સાધતા છે. | 10 | 18.18 |
| કુલ | | 55 | 100 |

ઉપરના કોષ્ટક પરથી જાણી શકાય છે કે મોટા ભાગના ઉત્તરદાતાઓ સંયુક્ત કુટુંબમાંથી આવે છે આથી તેઓ સરળ તાથી કુટુંબ સાથે સુમેળ સાધી શકે છે. અમુક ઉત્તરદાતા સંયુક્ત કુટુંબ માં નથી રહેતા માટે તેઓ કુટુંબ સાથે સુમેળ સાધી સકતા નથી. તેમજ કેટલાક ઉત્તરદાતાઓ પોતાના

કુટુંબ સાથે ક્યારેય સુમેળ સાધી શકે છે તો કયારેક સુમેળ સાધી શકતા નથી.

**કોષ્ટક-3 ઉત્તરદાતા તેમના કુટુંબની આર્થિક પરિસ્થિતિ કેવી માને છે ?**

| ક્રમ | વિગત | ઉત્તરદાતાની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | સારી | 37 | 67.27 |
| 2 | માધ્યમ | 11 | 20.00 |
| 3 | નબળી | 7 | 12.73 |
| કુલ | | 55 | 100 |

ઉપરના કોષ્ટક પરથી સ્પષ્ટ જાણી શકાય છે કે ઉત્તરદાતા પોતાના કુટુંબની આર્થિક પરિસ્થિતિ કેવી મને છે. તે વિશે તેમને પૂછતા ખબર પડે છે કે સારી પરિસ્થિતિ કહેવા વાળા કુટુંબો ની ટકાવારી 67.27 % જોવા મળે છે. આમ આવા ઘર ની ઉત્તરદાતા આર્થિક રીતે સધ્ધર થવા કરે છે. માધ્યમ પરિસ્થિતિ કહેવા વાળા કુટુંબો ની ટકાવારી 20.00% જોવા મળે છે. આમ આવા ઘર ની ઉત્તરદાતા કુટુંબમાં આર્થિક રીતે મદદરૂપ થવા નોકરી કરે છે અને કુટુંબના સારા ભવિષ્ય માટે નોકરી માં જોડાયા છે. નબળી કહેવા વાળા કુટુંબો ની ટકાવારી 12.73% જોવા મળે છે. આમ કુટુંબ માં સ્ત્રી એક એવું આધાર બિંદુ છે જેની આસપાસ કુટુંબની તમામ પ્રવૃત્તિ અને નિર્ણયો લેવામાં આવે છે. વર્તમાન સમયમાં ખાસ કરીને કુટુંબની દરેક જવાબદારી અને કૌટુંબિક દરેક બાબતોમાં સ્ત્રી ની ઇરછાને સ્વંતત્ર માન આપવામાં આવે છે.

**કોષ્ટક-4 ઉત્તરદાતામાં શિક્ષણનું પ્રમાણ**

| ક્રમ | વિગત | ઉત્તરદાતાની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | માધ્યમિક | 23 | 41.82 |
| 2 | ઉચ્ચતર માધ્યમિક | 19 | 34.55 |
| 3 | સ્નાતક | 8 | 14.55 |
| 4 | અનુસ્નાતક | 5 | 9.09 |
| કુલ | | 55 | 100 |

ઉપરના કોષ્ટક પરથી સારી રીતે સ્પષ્ટ થાય છે કે સૌથી વધુ ઉત્તરદાતા એ માધ્યમિક ધોરણ સુધીનું જ શિક્ષણ મેળવેલ છે. આ કોષ્ટક પરથી કહી શકાય છે કે હાજી પણ ખાસ કરીને સ્ત્રીમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. તેમજ ઉચ્ચરત માધ્યમિક ધોરણ સુધીનું શિક્ષણ મેળવેલ 19 સ્ત્રી ઉત્તરદાતા છે. જ્યાં બહુ ઓછા ઉત્તરદાતાઓ સનાતક અને અનુસ્નાતક ધોરણ નો અભ્યાસ કરેલ જોવા મળે છે. આના પરથી કહી શકાય છે કે આજે પણ સ્ત્રીમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઓછું છે.

**કોષ્ટક-5 ઉત્તરદાતાના નોકરી કરવા પાછળનું કારણ**

| ક્રમ | વિગત | ઉત્તરદાતાની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | આત્મનિર્ભર બનવા માટે | 17 | 30.91 |
| 2 | ઘરની આર્થિક સ્થિતિને સુધારવા માટે | 29 | 52.73 |
| 3 | પોતાના શિક્ષણનો ઉપયોગ કરવા ના હેતુથી | 9 | 16.36 |
| કુલ | | 55 | 100 |

ઉપરના કોષ્ટક માં સ્પષ્ટ જોવા મળે છે કે સૌથી વધુ ઉત્તરદાતા ઘરની આર્થિક સ્થિતિને સુધારવા માટે નોકરી કરવા જાય છે. તેમજ ઘણા બધા ઉત્તરદતા આત્મનિર્ભર બનવા માટે ઈરાદાથી પણ નોકરી કરવા જાયે છે. ખુબ ઓછા ઉત્તરદાતા કે જેઓ પોતાના પોતાના શિક્ષણનો ઉપયોગ કરવા ના હેતુથી પણ નોકરી પર જાય છે.

**કોષ્ટક-6 ઉત્તરદાતાને નોકરી દરમિયાન થતી સમસ્યાઓ**

| ક્રમ | વિગત | ઉત્તરદાતાની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | સમય મર્યાદા બરાબર નથી | 32 | 58.18 |
| 2 | ઓછો અને અનિયમિત પગાર | 13 | 23.64 |
| 3 | અતિશય તાલીમ | 10 | 18.18 |
| કુલ | | 55 | 100 |

ઉપરના કોષ્ટક પરથી સ્પષ્ટ જાણી શકાય છે કે સૌથી વધુ ઉત્તરદાતાઓને નોકરીમાં સમય મર્યાદા બરાબર નથી તે સમસ્યા સતાવે છે. મોટા ભાગના ઉત્તરદાતાઓની આ મુખ્ય સમસ્યા છે. જયારે ઘણા ઉત્તરદાતાને ખાસ કરીને નોકરીમાં ઓછો અને અનિયમિત પગાર ની સમસ્યા સાતવેં છે. ઘણા ઉત્તરદાતા ઓને નોકરી દરમિયાન આપવામાં આવતી અતિશય તાલીમ ની સમસ્યા સતાવે છે.

**કોષ્ટક-7 સ્ત્રીઓ પોતાની રીતે પગભર થવાથી સમાજમાં પરિવર્તન આવી શકે છે.**

| ક્રમ | વિગત | ઉત્તરદાતાની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | હા | 39 | 70.91 |
| 2 | ના | 16 | 29.09 |
| કુલ | | 55 | 100 |

ઉપરના કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે સમય જે બદલાય તેમ સ્ત્રીઓ સ્વાલંબી બની છે. આર્થિક રીતે પોતાના પગપર ઉભા થતાની સાથે સ્ત્રીઓનો દરજ્જો અને ભૂમિકામાં ખુબ મોટો પરિવર્તન આવી રહ્યું છે. 70.91 % સ્ત્રીઓ પોતાના પગ પર પગભર થવાથી પોતાનો વિકાસ થયો

હોય, કુટુંબ નું ગુજરાન ચલાવી શકે, બાળકોને પણ શિક્ષણ આપવી શકે છે. ટૂંકમાં સામાજિક અને આર્થિક સારી રીતે પરિવર્તન જોવા મળે છે. ઉત્તરદાતાને ખાસ કરીને નોકરીમાં ઓછો અને અનિયમિત પગાર ની સમસ્યા સાતવેં છે. ઘણા ઉત્તરદાતા ઓને નોકરી દરમિયાન આપવામાં આવતી અતિશય તાલીમ ની સમસ્યા સતાવે છે.

**કોષ્ટક-8 સ્ત્રી ઉત્તરદાતા નોકરીમાં જોડાયા બાદ તેમના વ્યકતિત્વ વિકાસમાં પરિવર્તન આવ્યું કે કેમ**

| ક્રમ | વિગત | ઉત્તરદાતાની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | પરિવર્તન થયું છે. | 34 | 61.82 |
| 2 | પરિવર્તન થયું નથી. | 21 | 38.18 |
| કુલ | | 55 | 100 |

ઉપરના કોષ્ટક માંથી સ્પષ્ટ જાણી શકાય છે કે ઉત્તરદાતા નોકરીમાં જોડાયા બાદ વ્યક્તિત્વ વિકાસમાં પરિવર્તન થયું છે. જેના માટે ખાસ કરી ને તાલિમ, અનુભવ વગેરેને કારણે ઉત્તરદાતાનો પોતાનો સર્વાંગી વિકાસ થયો છે. તેમની બોલી, લખવા વાંચવાની રીત અને રજુવાત કરવા માં પરિવર્તન આવ્યું છે.

## ❖ નિષ્કર્ષ

- ખાસ કરીને આજના ટેકનોલોજીના યુગમાં પણ શહેરી વિસ્તારોમાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. એમાં પણ ખાસકરી ને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ સૌથી ઓછું છે.
- આજના વર્તમાન આધુનિક યુગમાં મોટા ભાગના લોકો સયુંકત કુટુંબ માં રહે છે અને સંયુક્ત કુટુંબની વ્યવસ્થા હાજી પણ જીવંત છે.
- નોકરી કરવા પાછળનું મુખ્ય કારણ એ સૌથી કુટુંબની નબળી આર્થિક સ્થિતિ છે. અમુક ઉત્તરદાતા આત્મનિર્ભર બનવા અને તેમજ પોતાના શિક્ષણના ઉપયોગ કરવા માટે નોકરીમાં જોડાયે છે.
- નોકરી માં જોડાઈ ઉત્તરદાતા પોતાના પગાર થી અસંતોષ છે. કારણ કે પોતાના કામ મુજબનું પૂરું વેતન મળતું નથી. ઘરની આર્થિક સ્થિતિને ટેકો આપવા નોકરી કરવા જાયે છે.
- નોકરી કરવાની સાથે સંયુક્ત કુટુંબમાં રહે છે અને નોકરીને સાથે સાથે કુટુંબની સાથે પણ સરળ તાથી સુમેળ સાધી શકે છે. જયારે વિભક્ત કુટુંબમાં બધી જવાબદારી પતી પત્ની સાથે મળી પુરતી થતી ન હોવાથી નોકરી સાથોસાથ કુટુંબની સાથે સુમેળ સાધી શકાતો નથી. જેના પરિણામે સંઘર્ષ ઉભો થાય છે.
- નોકરી માં જોડાયા બાદ ઉત્તરદાતા ના સંપૂર્ણ સર્વાંગી વિકાસ થયો છે. કારણ કે નોકરીમાં અપાતી તાલીમ અને ત્યાંથી મળતા અનુભવને કારણે તેમનો વ્યક્તિત્વ વિકાસ થયો છે.
- ઉત્તરદાતા જયારે પોતાના ક્ષેત્રમાં કાર્ય કરવા જાયે છે ત્યારે મોટા ભાગના લોકો ધ્વરા યોગ્ય પ્રતિસાદ મળે છે. કારણ કે આજે સમાજમાં જાગૃતતા વધી છે. બીજી બાજુ હાજી કેટલાક ક્ષેત્રમાં અંધશ્રદ્ધા,

વહેમો, અસ્પૃશ્યતા, રૂઢી ચૂસતા ને કારણે ઘણા ઉત્તરદાતાને યોગ્ય પ્રતિસાદ મળતો નથી.

- નોકરી સંબંધિત સમસ્યાઓમાં સૌથી વધુ ઓછો અને નિયત પગાર છે જે કામ મુજબ ઓછું વેતન મળે છે. નોકરી દરમિયાન સમય મર્યાદા નીયત નથી. અતિશય તાલીમ જેવી સમસ્યાઓ ઉત્તરદાતાને નોકરી સંબંધિત સમસ્યાઓ છે.

## ❖ સંદર્ભ સૂચિ

1. રાવલ ચંદ્રિકા, (2012) જેન્ડર અને વિકાસ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
2. દેસાઈ નીરા, (1936) ભારતીય સમાજમાં સ્ત્રી જીવન, આર.આર. શઠે કંપની, મુંબઈ.
3. દેસાઇ એ.આર, (1967) "ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર, આર.આર.શેઠ કંપની, અમદાવાદ.
4. ભારતીયબેન જે. રાયમદા, (2006) "અપરણિત સ્ત્રીઓના કેટલાક પાસાઓનો અભ્યાસ", પી.અચે.ડી મહાનિબંધ.
5. મકવાણા રમેશ, (2009) "એકવીસમી સદીમાં મહિલાઓનું સ્થાન અને ભૂમિકા", પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
6. રાવલ ચંદ્રિકા, શૈલજા ધ્રુવ , (2013) સ્ત્રીઓ અને સમાજ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
7. કલ્પના શાહ, (1989) સ્ત્રીનો બદલાતો દરજ્જો અને ભૂમિકા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોડ, અમદાવાદ.
8. વિમલ શાહ, (1988) સંશોધન અહેવાલ લેખન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોડ, અમદાવાદ.